# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) **રાજ્યના અકસ્માત સંભાવનાગ્રસ્ત માર્ગો પર રોડ સેફ્ટી કામગીરી માટે ૧૮૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યાં**
2) **સુરતમાં જળ જાગૃતિના સંદેશ સાથે કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે બે લાખ પતંગનું વિતરણ કર્યું જ્યારે ગૃહરાજ્ય મંત્રીએ અંગદાન પ્રત્યે જાગૃતિ પ્રસરાવી**
3) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉત્તરાયણની ઉજવણી કરવા આજથી ચાર દિવસ રાજ્યની મુલાકાતે**
4) વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ' કાર્યક્રમમાં રાજ્યના ૪૫ યુવાનોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા
5) **આજે પોષી પૂનમની ઉજવણી માટે અંબાજીમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું**
6) **નવી દિલ્હીમાં આજથી શરૂ થઈ રહેલા પ્રથમ ખો-ખો વિશ્વકપમાં ડાંગ જિલ્લાની વતની ઓપીના ભીલાર ભારતીય ટીમ વતી રમશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ROAD SEFTY GRANT

રાજ્યના અકસ્માત સંભાવનાગ્રસ્ત માર્ગો પર રોડ સેફ્ટી કામગીરી માટે ૧૮૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યાં છે..અકસ્માતોની સંખ્યા ઘટે અને માર્ગ સલામતી વધે તેવા અભિગમ સાથે આ ફાળવણી કરાઇ છે..

વળાંક સુધારણા સહિતના કાર્યો કરવા માટે ૮૦ કામો ૩૨૯ કિલોમીટર લંબાઈમાં ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરાશે

ચાર અને છ માર્ગીય માર્ગો પર રોડ સેફ્ટીને ધ્યાને લઈને એન્ટીગ્લેર સિસ્ટમના કુલ ૭૬ કામો ૭૮૬ કિલોમીટર લંબાઈના માર્ગો પર કરવા માટે ૮૭ કરોડ રૂપિયા કરતાં વધુની ફાળવણી કરાઇ છે.

# SURAT ANGDAN JAGARUTI HARSH SANGHVI

સુરતમાં પતંગ ઉત્સવ દ્વારા અંગદાન જાગૃતિનો પ્રયોગ કરાયો છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે અંગદાનના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે 19 વર્ષ પહેલા ગુજરાતમાં અંગદાનની શરૂઆત થઈ હતી, જેનાથી હજારો લોકોને નવી જિંદગી મળી છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પતંગ ઉત્સવને અંગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે એક શ્રેષ્ઠ માધ્યમ ગણાવ્યું. તેઓએ ગુજરાતના પ્રથમ અંગદાતા પરિવારને શ્રદ્ધાંજલિ આપી અને તેમના સમર્પણને બિરદાવ્યું હતું.

## બાઇટ- હર્ષ સંઘવી , ગૃહરાજ્ય મંત્રી

# C R PATIL - KITE

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તથા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ દ્વારા જળ જાગૃતિના સંદેશા સાથે સુરત ખાતે બે લાખ પતંગોનું વિતરણ કરાયું.

"જલ હે તો કલ હૈ" સૂત્રને ચરિતાર્થ કરવાના હેતુથી નાગરિકોમાં પાણી માટે જનજાગૃતિ આવે અને પાણીની મહત્વતા વિશે સમજે તે આશયથી બે લાખ પતંગોનું વિતરણ કરાયું હતું,, સુરત મહાનગરના પ્રત્યેક વોર્ડના કાર્યકર્તાઓને આ સંદેશો પ્રસરાવતી પતંગો નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પતંગો ઉપર "જળ સંચય" "જન ભાગીદારી" "જન આંદોલન" "જળ એ જ જીવન" "જલ હે તો કલ હૈ" "કેચ ધ રેન" સુત્રો સાથે આ બે લાખ પતંગો લોકો સુધી પહોંચાડાયા હતા..

# YUVA VIKAS UTSAV

**૨૮માં રાષ્ટ્રીય યુવા ઉત્સવ -૨૦૨૫ અંતર્ગત વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ'ની થીમ પર નવીદિલ્હીમાં ભારત મંડપમ ખાતે રાજ્યના ૪૫ યુવાનોએ સહભાગી બનીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ વિકસિત ભારત અંગે પોતાના નવા વિચારો રજૂ કર્યા હતાં..**

**વિકસિત ભારત'ની થીમ પર ક્વિઝ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વિઝન પિચ પ્રેઝેન્ટેશનમાં રાજ્યના યુવાનોએ ભાગ લીધો**

**સરકાર દ્વારા આ વર્ષે 'વિકસિત ભારત'ની થીમ પર ત્રણ તબક્કામાં રાજ્યભરમાં સ્પર્ધા યોજાઇ હતી જેમાં 'વિકસિત ભારત'ની થીમ પર ક્વિઝ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વિઝન પિચ પ્રેઝેન્ટેશન યુવાનો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.**

**આ પ્રતિયોગિતામાં ગુજરાત માંથી ઓનલાઈન ક્વિઝ સ્પર્ધામાં ૧૫ થી ૨૯ વર્ષની વયના ૮૩ હજાર ઉમેદવારોએ ભાગ લીધો હતો.**

# Amit Shah – Gujarat Visit

કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહ ઉત્તરાયણ પર્વ પ્રસંગે આજથી 16 જાન્યુઆરી સુધી ગુજરાતની મુલાકાતે આવશે. ચાર દિવસીય મુલાકાતમાં શ્રી શાહ અનેક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે અને ઉત્તરાયણની ઉજવણીમાં જોડાશે.

ભાજપ કાર્યાલય દ્વારા મળેલી માહિતી મુજબ અમિત શાહ આજે સાંજે અમદાવાદ આવશે. તેઓ 14મી જાન્યુઆરીએ થલતેજ, ન્યુ રાણિપ, અને સાબરમતીમાં કાર્યકર્તાઓ સાથે ઉત્તરાયણની ઉજવણી કરશે. ત્યારબાદ ઘાટલોડિયામાં નવા પોલીસ મથક અને આવાસ યોજનાનાં મકાનોનું લોકાર્પણ કરશે. 15મી જાન્યુઆરીએ કલોલ, માણસામાં સરકારી કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. 16મી જાન્યુઆરીએ મહેસાણા જિલ્લાનાં વડનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જે શાળામાં ભણતા હતાં. તે પ્રેરણા સ્કૂલનું ઉદ્ઘાટન કરશે.

# Governer - Natural Farming

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે, પ્રાકૃતિક ખેતી ખેડૂતોની સમૃદ્ધિના દ્વાર ખોલે છે.

જામનગર જિલ્લાનાં મીઠોઈ ગામે યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલે આ મુજબ જણાવ્યુ હતું.

(બાઈટ – આચાર્ય દેવવ્રત)

અત્રે ઉલ્લેખનીય છે કે જામનગર જિલ્લામાં 13 સ્થળોએ જીવામૃત અને ઘન જીવામૃતનાં વેચાણની વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લાનાં એક હજાર 377 જેટલા લાભાર્થીઓને દેશી ગાય નિભાવ ખર્ચ માટે સહાય આપવામાં આવી છે.

# INTERNATION KITE FESTIVAL - SURAT

**આજે સુરત ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય પ્રવાસન વિભાગ, સુરત મહાનગરપાલિકા અને સુરત જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે અડાજણના રિવર ફ્રન્ટ ગ્રાઉન્ડ ખાતે આ પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.**

**આ મહોત્સવમાં દેશ વિદેશના પતંગબાજો દ્વારા ભાતીગળ પતંગોની કળા અને કૌશલ્યનું પ્રદર્શન કરાશે.**

**આ ઉપરાંત આજે શિવરાજપુર અને ધોરડો ખાતે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે.**

# AMBAJI POSHI PUNAM

**આજે પોષી પુનમ માં અંબા નો પ્રાગટ્ય દિવસ છે. આજે પ્રાગટ્ય દિવસ ને લઈ મહાશક્તિ યજ્ઞ તેમજ શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે**

માતાજીને વિવિધ  શાકભાજીનો અન્નકૂટ પણ ધરાવાશે. મોટી સંખ્યામાં માઈ ભક્તો ઉમટી પડ્યા છે અને  માતાજીના દર્શનનો લાભ લઇ રહ્યાં છે.

અંબાજી મંદિર ખાતે પ્રાગટ્ય દિવસની ઉજવણી નિમિત્તે વહિવટદાર કૌશિક મોદીએ આ મુજબ જણાવ્યું હતું.

**(બાઈટ -  કૌશિક મોદી, વહિવટદાર – અંબાજી)**

ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ દ્વારા ગબ્બર થી અંબાજી મંદિર ખાતે જ્યોત લાવીને જ્યોત સહિત માતાજીને હાથી ઉપર બેસાડી વિશાળ શોભાયાત્રાનું આયોજન કરાયું છે. એક વિશાળ શોભાયાત્રા સમગ્ર અંબાજી શહેરની નગર યાત્રા પણ કરશે. આ ઉપરાંત અન્ય વિવિધ ધાર્મિક કાર્યક્રમ પણ યોજાશે.

# OPINA Bhilar Kho kho wordl cup

આજથી નવી દિલ્હીમાં શરૂ થઈ રહેલા પ્રથમ ખો-ખો વિશ્વકપમાં ડાંગ જિલ્લાની વતની ઓપીના ભીલાર ભારતીય ટીમ વતી રમશે. ભારતીય ટીમમાં સ્થાન મેળવનાર ઓપીના ગુજરાતની એક માત્ર ખેલાડી છે. આજે ભારત તેની પ્રથમ મેચ નેપાળ સામે રમશે. મેચ રાત્રે સાડા આઠ કલાકે શરૂ થશે. ડીડી સ્પોર્ટ્સ ચેનલ પર તેનું જીવંત પ્રસારણ થશે.

ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના બીલીઆંબા ગામની ઓપીના હાલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં ખો-ખો રમતમાં ડિપ્લોમાનો અભ્યાસ કરી રહી છે.

ઓપીના ભીલારના કોચ સુનિલ મિસ્ત્રીએ ઓપીનાને શુભેચ્છા આપતા આ મુજબ જણાવ્યું

**(બાઈટ – સુરેશ મિસ્ત્ર)**

# Weather

રાજ્યમાં લઘુત્તમ તાપમાન 24 કલાકમાં છ ડિગ્રી સેલ્સિયસ ઘટ્યું, આગામી બે દિવસ ઠંડીનું જોર યથાવત રહેવાની હવામાન વિભાગે  આગાહી કરી છે.

રાજ્યમાં ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાતા ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે, જે ઉતરાયણ સુધી યથાવત રહેવાની સંભાવના છે.

# SOMNATH KATTHAK DANCE

**પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર ખાતે આજે સાંજના 6 થી 7 વાગ્યે, શ્રી સોમનાથ મંદિર પરિસરમાં એક વિશેષ નૃત્ય આરાધના સ્વરૂપે કાર્યક્રમ યોજવામાં આવશે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કથક નૃત્યાંગના સુસ્મિતા બેનર્જી દ્વારા આ કથ્થક નૃત્ય દ્વારા શીવ આરાધના કરાશે.**

**નટેશ્વરની નૃત્ય આરાધનાની સાથે-સાથે શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવનાર શ્રદ્ધાળુઓ માટે આ નૃત્ય કાર્યક્રમ નિહાળવાનો લાભ મળશે.**